# કોંગ્રેસનો ચૂંટણી ઢંઢેરો : તમામને દવાનો અધિકાર

નવી દિલ્હી,તા.૨૬

જેની રાજકીય વર્તુળોમાં ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે કોંગ્રેસ દ્વારા ચૂંટણી ઢંઢેરો આજે જારી કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૪માં યોજાનારી લોકસભાની ચૂંટણી માટે જારી કરવામાં આવેલા તેના ચૂંટણી ઢંઢેરામાં કોંગ્રેસે આરોગ્ય અને આવાસના અધિકારનું વચન આપ્યું છે. પક્ષના પ્રમુખ સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, દેશના જુદા જુદા ભાગોમાં લોકો સાથે વાતચીત કરીને આ ચૂંટણી ઢંઢેરો તૈયાર કરવામાં આવ્યો છે. રાહુલ ગાંધીએ ઘણા લોકો સાથે વાતચીત કરી હતી. રાહુલ ગાંધી દ્વારા લોકો સાથે વાતચીત કરીને તેમની અપેક્ષાઓ જાણવામાં આવી હતી. ચૂંટણી ઢંઢેરામાં તમામ સૂચનોને સામેલ કરવાની બાબત શક્ય નથી પરંતુ મોટાભાગના મુદ્દાઓને આવરી લેવાયા છે. કોંગ્રેસે આજે જારી કરેલા તેના ચૂંટણી ઢંઢેરામાં તમામને દવા અને પેન્શનના અધિકારનો સમાવેશ થાય છે. વડાપ્રધાન મનમોહનસિંઘ, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં જારી કરવામાં આવેલા જાહેરનામામાં તમામને દવા અને પેન્શન આપવાની વાત કરવામાં આવી છે. સાથે સાથે એવું વચન પણ અપાયું છે કે જો તેમની પાર્ટી સરકાર બનાવશે તો ૨૦ વર્ષ સુધી કબજાવાળી જમીનો ઉપર માલિકીના હક આપવામાં આવશે. આરોગ્ય અને રોજગારને કાયદાકીય અધિકારની હદમાં લાવવાની પણ આમા વાત કરવામાં આવી છે. સોનિયા ગાંધીએ કહ્યું હતું કે, ૨૦૦૯ના ૯૦ ટકા વચનો પાળી લેવામાં આવ્યા છે. પાર્ટીએ શહેરોમાં ઝુંપડપટ્ટીની જગ્યાએ ૨૦૧૭સુધી પાકા મકાન બનાવવા ૧૦ લાખની વસતી ધરાવતા વિસ્તારમાં હાઈસ્પીડ ટ્રેન, તમામને પેન્શન અને તમામને દવાના અધિકાર વચન આપવામાં આવ્યા છે. ભ્રષ્ટાચાર ઘટાડવાના વિકલ્પનો સમાવેશ કરવામાં આવ્યો છે. ૧૦ વર્ષમાં યુપીએ સરકાર દ્વારા કરવામાં આવેલા કામોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સરકારી નોકરીમાં થઈ રહેલા ઘટાડાને ધ્યાનમાં લઈને પણ ઢંઢેરામાં કેટલીક મહત્વની વાત કરવામાં આવી છે. ઘોષણાપત્રમાં રોજગારીની તકો ઉભી કરવા ઉપર વાત કરવામાં આવી છે. ૨૦૨૦સુધી ૧૦ કરોડ નવી રોજગારીની તકો સર્જવાની પણ વાત કરવામાં આવી છે. મનમોહનસિંહના નેતૃત્વમાં ૧૦ વર્ષ સુધી આર્થિક ઉદારીકરણની નીતિ પાળ્યા બાદ રાહુલ ગાંધીને કેન્દ્રમાં રાખીને નીતિઓ તૈયાર કરવામાં આવી છે. ઉદારીકરણ બાદ હવે રોજગાર ઉપર ધ્યાન મુકવામાં આવશે. વિદેશમાં જમા કાળા નાણાં પરત લાવવાની પણ વાત કરાઈ છે. ઘોષણાપત્રના મુસદ્દા ઉપર એકેએન્ટોનીના નેતૃત્વમાં ૧૯મી માર્ચના દિવસે એક બેઠક યોજાઈ હતી જેમાં દલીલોને આખરી ઓપ અપાયું હતું. એન્ટોની ઉપરાંત ઘોષણાપત્ર અંગેની સમિતિમાં પી.ચિદમ્બરમ, સુશીલકુમાર શિંદે, આનંદ શર્મા, સલમાન ખુરશીદ, સંદીપ દિક્ષીત સહિતના વરિષ્ઠ નેતાઓનો સમાવેશ થાય છે.



### ઢંઢેરાના મુખ્ય મુદ્દા......

- શહેરોમાં ઝુપડપટ્ટીની જગ્યાએ ૨૦૧૭ સુધી પાકા મકાન બનાવવા વચન
- ૧૦ લાખની વસતી ધરાવતા શહેરોમાં હાઈસ્પીડ ટ્રેન દોડાવવાનું કોંગ્રેસ દ્વારા વચન
- તમામને પેન્શન અને દવાનો અધિકાર મળશે
- ભ્રષ્ટાચાર ઘટાડવા માટે તમામ પ્રયાસો કરાશે
- રોજગારીના ક્ષેત્રમાં વિશેષ પગલા લઈને ૨૦૨૦ સુધી ૧૦ કરોડ નવા રોજગાર ઉભા કરાશે
- ચૂંટણી ઢંઢેરાના અગાઉના વચન પાળવામાં આવ્યા છે
- ચૂંટણી ઢંઢેરામાં આગામી દિવસોમાં નવા મુદ્દા ઉમેરાશે
- સમાજના દરેક વર્ગોની જરૂરિયાતને આવરી લેવાના પ્રયાસ કરાયા છે
- ૨૦ વર્ષ સુધી કબજાવાળી જમીનો ઉપર માલિકીના હક અપાશે

**આગામી સપ્તાહમાં ભાજપનો ચૂંટણી ઢંઢેરો જારી**

## ભાજપના ચૂંટણી ઢંઢેરામાં રોજગાર ઉપર ધ્યાન રહેશે

નવી દિલ્હી,તા.૨૬


કોંગ્રેસે આજે તેનો ચૂંટણી ઢંઢેરો જારી કરી દીધો હતો. ભાજપમાં પણ ટૂંકમાં જ તેનો ચૂંટણી ઢંઢેરો જારી કરે તેવી શક્યતા છે. ભાજપ તેના ચૂંટણી ઢંઢેરામાં ઘણા બધા મુદ્દાઓને આવરી લેશે જેને નવી રોજગારી ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આગામી ૧૦ વર્ષની અંદર આર્થિક વિકાસ કાર્યક્રમના ભાગરુપે ૨૫ કરોડ લોકોને રોજગારીની તક આપવામાં આવશે. ૧૦૦ નવા નાના શહેરોની આર્થિક વિકાસ કાર્યક્રમ હેઠળ રચના કરવામાં આવશે. પક્ષના સૂત્રોએ કહ્યું છે કે, ભાજપે શહેરીકરણની બાબતને મહત્વ આપ્યું છે. કોંગ્રેસના નેતૃત્વમાં યુપીએ સરકારને પદભ્રષ્ટ કરવા માટે ભાજપે નવી નીતિ તૈયાર કરી છે. ચૂંટણી ઢંઢેરામાં નોકરી, મૂડીરોકાણ, મેન્યુફેક્ચરીંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ભાજપે પાંચ સપ્તાહની ચૂંટણીમાં વધારે બેઠકો જીતવા માટે યોજના તૈયાર કરી છે. આગામી સપ્તાહ સુધી ભાજપ તેનો ચૂંટણી ઢંઢેરો જારી કરે તેવી શક્યતા દેખાઈ રહી છે. ૨૫ વર્ષથી નીચેની વયના લોકોને આમા મુખ્ય રીતે આવરી લેવામાં આવશે. ગુજરાતમાં અભૂતપૂર્વ વિકાસ પ્રક્રિયા સાથે મોદી પ્રચારમાં વ્યસ્ત બનેલા છે. અન્ય મુદ્દાઓમાં ભાજપ સામાન્ય સેલટેક્સની રજૂઆત કરશે. સબસિડીને લઈને પણ કેટલીક જાહેરાત કરવામાં આવી શકે છે. સ્થાનિક રિટેલ ઈન્ડસ્ટ્રીની તકલીફોને પણ આવરી લેવામાં આવશે. ભાજપના ચૂંટણી ઢંઢેરામાં કેટલાક એવા વચનો પણ હશે જે કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરા કરતા અલગ પ્રકારના રહેશે. ભાજપ લોકોને પ્રભાવિત કરવા માટે અન્ય નવા વચનો પણ આપી શકે છે. બીજી બાજુ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરામાં પણ ધ્યાન આપવામાં આવ્યું છે. ભાજપના ટોચના વ્યૂહરચનાકારો ઢંઢેરાને આખરી ઓપ આપવામાં વ્યસ્ત છે.

**દિગ્વિજયસિંહના મોદી પર પ્રહાર**

## નરેન્દ્ર મોદી ક્યારે પણ વડાપ્રધાન ન બની શકે

ભોપાલ,તા.૨૬

કોંગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે આજે કહ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ક્યારેય પણ દેશના વડાપ્રધાન બની શકશે નહીં.



કોંગ્રેસના મહાસચિવે નરેન્દ્ર મોદી ઉપર આકરા પ્રહારનો દોર જારી રાખ્યો છે. તેમણે ઉમેર્યું હતું કે, ભારતમાં ઘણા બધા સક્ષમ લોકો છે. એક કટ્ટરપંથી ભારતમાં ક્યારેય પણ શાસન કરી શકે નહીં. આ તમામ બાબત એવા લોકો કરી રહ્યા છે જે લોકો તેમને જવાબ મોકલી રહ્યા છે. અન્ય એક ટ્વિટમાં દિગ્વિજયે કહ્યું હતું કે, તેઓ આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલના ચાહક નથી. કેજરીવાલ નાટકમાં કામ કરનાર વ્યક્તિ સમાન છે જે માત્ર બોગસ વાતો કરી શકે છે. કેજરીવાલ એવી વાત કરે છે જે બાબતનો કોઈ નક્કર પુરાવો પણ નથી. તેમણે ઉમેર્યું હતું કે, કેજરીવાલ ઉપર ગઈકાલે શાહી ફેંકનાર બનાવની તેઓ ટિકા કરે છે. ભાજપના લોકો આવું કૃત્ય કરી શકે છે. આ ખુબ જ શરમજનક ઘટના છે. દિગ્વિજયસિંહ નરેન્દ્ર મોદીના નક્કર વિરોધી તરીકે રહ્યા છે.

## ટ્વિટર હવે રાજકીય પક્ષ પાસેથી નાણાં વસૂલ કરશે

નવી દિલ્હી, તા.૨૬

ભારતની લોકસભાની ચૂંટણીમાં રાજકીય પાર્ટી દ્વારા સોશિયલ મીડિયાના ભરપૂર ઉપયોગના કારણે ફેસબુક, ગૂગલ પ્લસ અને ટ્વીટર જેવી માઈક્રો બ્લોગીંગ સાઈટની ભૂમિકાને વધારે મહત્વ આપ્યું છે. લોકસભા ચૂંટણી ૨૦૧૪માં સોશિયલ મીડિયાની ખૂબ મોટી ભૂમિકા રહેલી છે. સોશિયલ મીડિયાના વધતા ઉપયોગને ધ્યાનમાં લઈને એમ માનવામાં આવે છે કે આ સાઈટોની સામાન્ય ચૂંટણીમાં મહત્વની ભાગીદારી છે. આ ભાગીદારીને ધ્યાનમાં લઈને ટ્વીટરે આ વખતે ભારતમાં થનારી ચૂંટણી અને ક્રિકેટ મેચોથી નાણાં બનાવવાની યોજના ઘડી કાઢી છે. એક રિપોર્ટ મુજબ ટ્વીટરના મોટા અધિકારી સામાન્ય ચૂંટણીને ધ્યાનમાં લઈને ભારતને પોતાના મોટા માર્કેટ તરીકે ગણે છે. એક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે ટ્વીટર ચૂંટણી દરમિયાન રાજકીય પાર્ટીઓને લોકો સાથે જોડાવવાના મંચ ઉપલબ્ધ કરાવીને તેમની પાસેથી નાણાં મેળવશે. એટલું જ નહીં બલ્કે ક્રિકેટ મેચ દરમિયાન જાહેરાત આપનાર બ્રાન્ડ પાસેથી પણ નાણાં લેવામાં આવશે. આ પ્રસ્તાવ ઉપર કામ કરી રહેલી ટ્વીટર કંપનીની ભારતીય બ્રાન્ચે તમામ તૈયારી કરી લીધી છે. ટ્વીટરના ઈન્ડિયા વડા રિશી જેટલીએ કહ્યું છે કે આ વર્ષે ભારતમાં થનારી ચૂંટણીમાં ટ્વીટર અને ટ્વિટર પર ચૂંટણીની ભૂમિકા રહેનાર છે. ચૂંટણીને લઈને આશરે તમામ ભારતીય પારસ્પરિક વાતચીત કરે છે. ટ્વિટરે આના માટે જરૂરી સુવિધા ઉપલબ્ધ કરાવી છે.

## સલમાન હિટ એન્ડ રન કેસમાં ટ્રાયલ ૮મી સુધી મુલતવી થઈ

મુંબઈ,તા.૨૬

મુંબઈની સેશન્સ કોર્ટે સનસનાટીપૂર્ણ હિટ એન્ડ રન કેસમાં ટ્રાયલને આજે મોકૂફ કરી દીધી હતી. અભિનેતા સલમાન ખાનને આવરી લેતા હિટ એન્ડ રન કેસમાં સુનાવણી ૮મી એપ્રિલ સુધી મોકૂફ કરાઈ હતી. નવી ટ્રાયલમાં ફરીવાર ચકાસણી કરવા માટે સાક્ષીઓ અને પુરાવાની જરૂર રહેશે. સાક્ષીઓ ઉપલબ્ધ નહીં રહેવાના કારણે આજે સુનાવણી મોકૂફ કરી દેવામાં આવી હતી. ઈજાગ્રસ્ત ભોગ બનેલા વ્યક્તિને આગામી સુનાવણી દરમિયાન જુબાની માટે રજૂ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૨માં હિટ એન્ડ રન કેસ બનાવ બન્યો હતો. તે વખતે સલમાન ખાને ઉંઘ માણી રહેલા પાંચ લોકો ઉપર ગાડી ચઢાવી દીધી હતી. પાંચ લોકો કચડાઈ ગયા હતા જે પૈકી એકનું મોત થયું હતું. સલમાન ખાન નવેસરથી ટ્રાયલનો સામનો કરી રહ્યો છે. આ મામલામાં નવા આરોપો સાબિત થવાની સ્થિતિમાં સલમાનને ૧૦ વર્ષની જેલની સજા થઈ શકે છે. સલમાન ખાન સામે અન્ય ગંભીર આરોપો પણ મુકવામાં આવ્યા છે. હિટ એન્ડ રનના કારણે સલમાનની પ્રતિષ્ઠાને પણ ફટકો પડ્યો હતો. સલમાન ખાને આ મામલામાં હજુ સુધી કોઈપણ પ્રકારની પ્રતિક્રિયા આપી નથી. હિટ એન્ડ રન કેસે સમગ્ર મુંબઈમાં ભારે ચર્ચા જગાવી હતી. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે ટોયોટો લેન્ડક્રુઝર ગાડી બાંદ્રામાં એક બેકરીમાં ઘુસી ગઈ હતી. ૫મી ડિસેમ્બરના દિવસે કોર્ટે ફરીથી સુનાવણીના આદેશ કર્યા હતા. બિન ઈરાદા હત્યાના મામલામાં સાક્ષીઓની પુછપરછ થઈ નથી. આ આરોપ કાર્યવાહી દરમિયાન અભિનેતા ઉપર મુકવામાં આવ્યા હતા. સમગ્ર મામલો એક દશકથી ચાલી રહ્યો છે.

## વૈષ્ણોદેવીમાં દર્શન કર્યા બાદ નરેન્દ્ર મોદીએ આક્રમક ચૂંટણી પ્રચારની શરૂઆત કરી

કઠુવા,તા.૨૬

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી આજે સવારે વૈષ્ણોદેવીની શરણમાં પહોંચી ગયા હતા. વૈષ્ણોદેવીમાં સવારે દર્શન કર્યા બાદ નરેન્દ્ર મોદીએ આક્રમક ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી. આજે સવારે જ વૈષ્ણોદેવી મંદિરમાં અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મોદી પહોંચી ગયા હતા. મોદીએ આજે જમ્મુ કાશ્મીરના કઠુવા જિલ્લામાં ચૂંટણી સભાને સંબોધતા પહેલા માતા વૈષ્ણોદેવીના દર્શન માટે પહોંચ્યા હતા. ત્યાંથી સોશિયલ મીડિયા ઉપર એક ફોટો પણ જારી કરવામાં આવ્યો હતો. વૈષ્ણોદેવીના દર્શન કર્યા બાદ દિલ્હી અને બુલંદ શહેરમાં રેલીને સંબોધન કર્યું હતું. મોદી માતા વૈષ્ણોદેવીના દર્શન કરીને મિશન ૨૭૨ની શરૂઆત કરી હતી. ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ આજથી ચૂંટણી પ્રચારનો વધુ એક ઝંઝાવતી રાઉન્ડ શરૂ કર્યો હતો. મોદી આશરે ૧૮૫ રેલીઓને સંબોધે



તેમ માનવામાં આવે છે. નરેન્દ્ર મોદીને એક પછી એક શ્રેણીબદ્ધ રેલીઓ ટૂંકાગાળામાં યોજવા માટે ઓળખવામાં આવે છે. શારીરિક રીતે અને નવી કોમ્યુનિકેશન વ્યવસ્થાનો ઉપયોગ કરીને ચૂંટણી રેલીને સંબોધવા માટે મોદી જાણીતા રહ્યા છે. આજે ૨૬મી માર્ચના દિવસે મોદી નવી દિલ્હી, ઉત્તર પ્રદેશમાં બિજનોર અને બુલંદ શહેર તથા જમ્મુ કાશ્મીરમાં ઉધમપુર ખાતે એક રેલીને સંબોધી રહ્યા છે. આજના આક્રમક કાર્યક્રમ બાદ આવતીકાલે ૨૭મી તારીખે તેઓ બિહારમાં ગયા, ઓરંગાબાદ અને સસારામ ખાતે સંબોધન કરશે. આ ઉપરાંત ઝારખંડમાં છત્રા અને લુહાર ડગ્ગા ખાતે ચૂંટણી સભાને સંબોધશે. ૨૮મી માર્ચના દિવસે મોદી મધ્ય પ્રદેશમાં બાલાઘાટ, સિંદવાડા અને મંદેલા ખાતે રેલી યોજશે. ૨૯મી માર્ચના દિવસે મોદી હરિયાણામાં સોનેપત અને ગોહાનામાં રેલી યોજશે. આસામમાં ૩૦મી માર્ચના દિવસે તેઓ રેલી યોજશે. સૂત્રોએ કહ્યું છે કે આ સપ્તાહથી મોદી ૧૦મી મે સુધી દરરોજ એક દિવસમાં પાંચ રેલી યોજશે. ચૂંટણી પ્રચારના છેલ્લા દિવસ સુધી મોદી આક્રમક મૂડમાં રહેશે. હવે બીજા રાઉન્ડમાં મોદી પશ્ચિમી ઉત્તર પ્રદેશમાં એક પછી એક રેલી સંબોધનાર છે.


## સમાચાર ઝલક

- રાજકોટ નજીકના પાળ ગામે અનાથ ૫૧ દીકરીઓએ પ્રભુતાના પગલાં પાડ્યા.
- ગુજરાતમાં લોહીની નદીઓ વહેવડાવાનું કાવતરું રચનાર મૌલવી દિલ્હીથી પકડાયો.
- ભારતમાં વર્ષે ૮ લાખ વિદ્યાર્થીઓ માત્ર ડિગ્રી માટે વિદેશ ભણવા જાય છે.
- આચારસંહિતાના બહાને વટીવટી પ્રક્રિયા અટકાવી ન શકાય : મુંબઇ હાઇકોર્ટ.
- ડીએમકે પક્ષનાં કરૂણાનીધીએ પુત્ર અલાગિરીને પક્ષમાં કાઢ્યો.
- ગાંધીનગરમાં ૧૦૦ રૂપિયાની શરત બાબતે યુવાન ૧૦૦ ફુટના ઊંચા રિલાયન્સના વાઇફાઇ ટાવર પર ચઢ્યો.
- ક્રિમીયા બાબતે રશિયાને જી-૮ સમુહમાંથી દૂર કરાયું.
- પરીક્ષાપૂર્ણ થતા નવસારીમાં પટેલ સમાજ ચાર કિશોરો પૂર્ણા નદીમાં નહાવા જતાં ડૂબી ગયા, નવસારીમાં વાતાવરણ શોકમય બન્યું.
- દક્ષિણ ગુજરાતનાં અંકલેશ્વર પંથકમાં રાયણનો મબલખ પાક ઉતરતાં ખેડૂતોમાં ખુશી.
- માર્ચના અંત સુધીમાં આયકર ખાતાને કરોડોનો બાકી વેરો વસૂલવા આદેશ.
- વાયુ પ્રદૂષણના કારણે વર્ષે ૭૦ લાખના મોત થાય છે.
- જીવલેણ એબોલા વાયરસનો પ્રથમ કેસ આફ્રિકા બહાર નોંધાયો.
- શાહરૂખખાન નવી ફિલ્મમાં એક નવા અવતારમાં ચમકશે.
- બેંકમાં ખાતુ નહિ હોય તો પણ એટીએમમાંથી નાણા ઉપાડી શકાય.
- સૌરાષ્ટ્રમાં ઘઉંની પુષ્કળ આવક, ક્ષમતા કરતાં ત્રણ ગણી આવક.
- સારંગપુરમાં ઉચ્ચ ડિગ્રીધારી ૨૮ યુવાનોએ પ્રમુખ સ્વામિ મહારાજના હસ્તે દીક્ષા અંગીકાર કરી.
- કેટલાક તત્ત્વો ખોટો ભ્રમ ફેલાવી રહ્યા છે, ગેસની કિંમતો બાબતે સ્પષ્ટતા કરતું રિલાયન્સ ગ્રુપ
- ભાજપમાં ટિકીટ મુદ્દે મગજમારી, છતાં બુકીબજારમાં હજુ મોદીની પડખે.
- જે ઘરમાં દીકરી ન હોય તે કુટુંબ અપૂર્ણ છે, દીકરી પ્રેમનો, વાત્સલ્યનો અહેસાસ કરાવે છે : પૂ.ગિરી બાપુ

## સહારા વડા સુબ્રતા રોયને સુપ્રીમ દ્વારા શરતી જામીન

નવીદિલ્હી,તા.૨૬

સુપ્રીમ કોર્ટે માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ ૧૦૦૦૦ કરોડ જમા કરાવવા સહારા ગ્રુપના વડા સુબ્રતા રોયને આજે આદેશ કર્યો હતો. જ્યુડિશિયલ કસ્ટડીમાંથી વચગાળાના જામીન ઉપર તેમને છોડવા માટે માર્કેટ રેગ્યુલટર સમક્ષ જંગી રકમ જમા કરાવવાનો આદેશ કરવામાં આવ્યો હતો. જસ્ટિસ કેએસ રાધાકૃષ્ણન અને જસ્ટિસ જેએસ કેહરની બનેલી સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યુંહતું કે, ૧૦૦૦૦ કરોડ પૈકી પાંચ હજાર કરોડ રૂપિયા રોકડમાં જમા કરાવવા પડશે જ્યારે ૫૦૦૦ કરોડ રૂપિયા બેંક ગેરન્ટી મારફતે જમા કરાવવા પડશે. ૧૦૦૦૦ કરોડ રૂપિયા ઉભા



કરવા સહારા કંપનીઓના બેંક ખાતાને ડિફ્રીઝ કરી દેવા સુપ્રીમ કોર્ટે સહમતી દર્શાવી હતી અને આ મામલામાં સુનાવણી આવતીકાલ સુધી મોકૂફ કરી દીધી હતી. જે ખાતા નંબરો ડિફ્રિઝ કરવામાં આવનાર છે તે બેંક ખાતાના નંબર જમા કરાવવા સહારા ગ્રુપને સૂચના આપવામાં આવી છે. કોર્ટે તેના આદેશ ઉપર હળવું વલણ અપનાવવાનો ઈન્કાર કરી દીધો હતો. કારણ કે, સહારા ગ્રુપના વકીલે જંગી રકમ ઉભી કરવાને લઈને અસમર્થતા દર્શાવી હતી. સહારા ગ્રુપે મંગળવારે રજૂઆત કરી હતી કે, સુપ્રીમ કોર્ટ સમક્ષ મૂડીરોકાણકારોના નાણાંની જંગી રકમ જમા કરી શકાય છે. સુબ્રતા રોયને કોર્ટ તિરસ્કારના સંદર્ભમાં સુપ્રીમે ચોથી માર્ચના દિવસે જેલમાં મોકલવાનો આદેશ કર્યો હતો. માર્કેટ રેગ્યુલેટર સેબી સમક્ષ ૨૦૦૦૦ કરોડ ચુકવવામાં નિષ્ફળતા બદલ બંને કંપનીઓ સામે કાર્યવાહીનો આદેશ અપાયો હતો.

## મુઝફ્ફરનગર સાંપ્રદાયિક હિંસાના મામલામાં સીબીઆઈ અથવા સીટ દ્વારા તપાસનો ઈન્કાર

નવી દિલ્હી,તા.૨૬

ઉત્તરપ્રદેશની અખિલેશ યાદવ સરકારને આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર ૨૦૧૩માં ભડકેલી મુઝફ્ફરનગર સાંપ્રદાયિક હિંસાના મામલામાં સીબીઆઈ અથવા સીટ દ્વારા તપાસ કરવાની અરજીને ફગાવી દીધી હતી. સાથે સાથે ઉત્તરપ્રદેશ સરકાર જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યુંહતું કે, ઉત્તરપ્રદેશની સરકાર રમખાણોને રોકવામાં નિષ્ફળ રહી હતી. સુપ્રીમ કોર્ટે મુઝફ્ફરનગરમાં થયેલી કોમી હિંસાના સંદર્ભમાં વાત કરતા કહ્યું હતું કે, ઉત્તરપ્રદેશ સરકાર રમખાણોને રોકી શકી ન હતી. રાજ્ય સરકારને જવાબદાર ઠેરવવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટે સીબીઆઈ અને એસઆઈટી પાસેથી તપાસની માંગ કરતી અરજી ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને એવો આદેશ પણ કર્યો હતો કે, રમખાણોના જાતિય હુમલાનો શિકાર થયેલા મહિલાઓને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર ચુકવવામાં આવે. ચીફ જસ્ટિસ પી. સદાશિવમે કહ્યુંહતું કે, કેન્દ્ર અને રાજ્ય સરકારની ગુપ્તચર સંસ્થાઓ જો વાસ્તવિકતાને ધ્યાનમાં લઈને એલર્ટ થઈ ગઈ હોત તો રમખાણોને રોકવામાં સફળતા મળી હોત. બેંચે પોતાની ફરજ અદા કરવામાં નિષ્ફળ રહેલા ગુપ્તચર અધિકારીઓની સામે કાર્યવાહી કરવાના આદેશ કર્યા હતા. સુપ્રીમે એમ પણ કહ્યુંહતું કે, રાજ્ય સરકાર લોકોના મૌલિક અધિકારોનું રક્ષણ કરવામાં સફળ રહી નથી. સુપ્રીમ કોર્ટે કઠોર ટિપ્પણી કરતા રહ્યું હતું કે, રાજ્ય સરકારે શરૂઆતમાં જ ઉદાસીનતા રાખી હતી જેના કારણે રમખાણ અને સ્થિતિ વણસી ગઈ હતી.





કોર્ટે રાજ્ય સરકારની એવી દલીલને ફગાવી દીધી હતી કે, લોકોના જોરદાર વિરોધના લીધે શરૂઆતમાં આરોપીઓની ધરપકડ કરી શકાય ન હતી. અત્રે નોંધનીય છે કે, સુપ્રીમ કોર્ટમાં ઉત્તરપ્રદેશ સરકારની સામે રમખાણો વેળા યોગ્ય કાર્યવાહી હાથ નહીં ધરવાનો આક્ષેપ કરીને અરજી દાખલ કરવામાં આવી હતી. અરજીમાં રમખાણોની સીબીઆઈથી ચકાસણી કરાવવાની માંગ પણ કરવામાં આવી હતી. સપ્ટેમ્બર ૨૦૧૩માં મુઝફ્ફરનગર, સામલી અને બાગપતમાં થયેલી હિંસામાં આશરે ૫૦ લોકોના મોત થયા હતા અને હજારો પરિવાર બે ઘર થઈ ગયા હતા. ૮૫ લોકો ઘાયલ થયા હતા. ૫૧ હજાર લોકોને ઘર છોડવાની ફરજ પડી હતી. રાજ્ય સરકારના પરિપત્રનો ઉલ્લેખ કરીને જણાવવામાં આવ્યું છે કે, ભોગ બનેલા મુસ્લિમ લોકોને જ વળતર આપવામાં આવશે. આ સંદર્ભમાં કોર્ટે કહ્યુંહતું કે, રાહતની ઉપલબ્ધતા ભોગ બનેલા વ્યક્તિના ધાર્મિક મામલાને ધ્યાનમાં લઈને હોવી જોઈએ નહીં. પ્રમાણિક લોકોને રાહત મળવી જોઈએ.